**SHREE VINAYAK KELAVANI MANDAL - BHAVNAGAR**

Public Charitable Trust Registration No. E/1995 - Bhavnagar

# MEDICINE HOUSE - DRUGBANK

17, Suryadarshan Complex, Basement,
Opp. Tanna Travels Depo,
Near Rubber Factory Circle, Bhavnagar - 364001.
Website : www.drugbankofgujarat.com
visit our facebook page at :- https://www.facebook.com/drugbankofgujarat

## DONOR FORM

(Please fill the form in capital Letters)

Donor Form No. ________ Mr. ☐ Mrs. ☐

Name : ____________________

Address : ____________________

____________________

____________________

____________________ ☐☐☐☐☐☐

Mobile No.: ____________________

E-mail : ____________________

____________________

PAN No. : ____________________

Date of Birth : ____________________
DD MM YYYY

..............................
Donor's Signature

₹ ________ /-

Cheque No. ____________________

Bank : ____________________

Branch : ____________________

### ડ્રગબેન્કને ઓનલાઈન દાન આપી શકાય..

હવે આપ ડ્રગબેન્કને www.drugbankofgujarat.com ઉપરથી ક્રેડીટકાર્ડ, ડેબીટકાર્ડ અથવા નેટબેંકીંગ દ્વારા ઓનલાઈન દાન પણ આપી શકો છો. ઓનલાઈન દાન આપ્યા પછી તરત જ પાકી પહોંચ તથા ૮૦જી સર્ટીફીકેટ અને આભારપત્ર આપ આપનાં ઈ-મેઈલ દ્વારા તત્કાલ ડાઉનલોડ કરી શકશો.

### DETAILS OF NEFT FOR DONORS

| | |
|---|---|
| NAME | : SHREE VINAYAK KELAVANI MANDAL |
| BANK | : PUNJAB NATIONAL BANK |
| BRANCH | : RAMWADI BRANCH - BHAVNAGAR |
| ACCOUNT NUMBER | : 0051000100092226 |
| IFSC CODE | : PUNB0005100 |
| MICR CODE | : 364024001 |
| PAN NUMBER | : AAFTS5027A |

Donation to Shree Vinayak Kelvani Mandal is eligible for exemption vide Section approved under incometax Act. No. DIT (E) 80-G (5) / 1111 / 2007-2008

*free medicines for needy & poor patients*

Book-Post

પ્રતિ શ્રી,

*free medicines for needy & poor patients*

પ્રેષક :
**મેડીસીન હાઉસ - ડ્રગબેન્ક**
૧૭, સુર્યદર્શન કોમ્પ્લેક્ષ, બેઝમેન્ટ, તન્ના ટ્રાવેલ્સ ડેપોની સામે, રબ્બર ફેક્ટરી સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૧
Website : www.drugbankofgujarat.com • visit our facebook page at :- https://www.facebook.com/drugbankofgujarat
સમય : સાંજના ૫-30 થી ૮-30

વિનામૂલ્યે **દવા** આપતું કેન્દ્ર

સ્થાપક



સ્વ. એચ. એચ. આચાર્ય (વકીલ)

**શ્રી વિનાયક કેળવણી મંડળ - ભાવનગર**

(પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. ઈ/૧૯૯૫ - ભાવનગર)

# મેડીસીન હાઉસ - ડ્રગબેન્ક

૧૭, સુર્યદર્શન કોમ્પ્લેક્ષ, બેઝમેન્ટ, તન્ના ટ્રાવેલ્સ ડેપોની સામે, રબ્બર ફેક્ટરી સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૧.
Website : www.drugbankofgujarat.com
visit our facebook page at :- https://www.facebook.com/drugbankofgujarat

**જરૂરીયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે દવા આપતું કેન્દ્ર**

## ઔષધદાન - જીવનદાન

કેળવણી અને શરીર સ્વાસ્થ્યના મુખ્ય હેતુ સાથે નાત-જાતનાં કોઈપણ ભેદભાવ વગર વિવિધ સેવાકાર્યો કરતી **"મેડીસીન હાઉસ - ડ્રગબેન્ક"**

**સમગ્ર ગુજરાતમાં શહેર કક્ષાએ સૌપ્રથમ શરૂ થયેલ જરૂરીયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે દવાઓ આપતી એકમાત્ર સંસ્થા**

• સંપર્ક •
અચ્યુતભાઈ મહેતા (સંયોજક) - ૯૩૭૫૩૧૦૦૧૨
પુનિતભાઈ આચાર્ય - ૯૨૨૭૫૦૬૩૦૬

### ડ્રગબેન્ક કરવાનું કારણ શું ?

મનુષ્ય શરીરમાં ઉદ્‌ભવ થતાં અટપટા રોગોની સારવાર-સંભાળ ખૂબજ ખર્ચાળ થઈ છે, થઈ રહી છે. સારવાર-સંભાળ માટે દવાઓની સતત જરૂરીયાત રહે છે અને દવાઓ ખૂબજ મોંઘી મળતી થઈ છે ત્યારે આર્થિક રીતે સક્ષમ ન હોય તેવા જરૂરીયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે દવાઓ આપવાના ધ્યેય સાથે 'માનવ સેવા તે પ્રભુ સેવા', 'માનવ સેવા તે માધવ સેવા' નાં પરમસૂત્રને લક્ષમાં રાખી ભાવનગરના જાણીતા એડવોકેટ શ્રી હર્ષદભાઈ એચ. આચાર્યએ 'મેડીસીન હાઉસ - ડ્રગબેન્ક' ની શરૂઆત કરવી તેવું સને-૨૦૦૫ ની સાલમાં નક્કી કર્યુ.

### ડ્રગબેન્ક ની શરૂઆત..

પ.પૂ. ઘોરડાદાદાની પ્રેરણાથી 'મેડીસીન હાઉસ - ડ્રગબેન્ક' ની શુભ શરૂઆત ભાવનગરનાં વાઘાવાડી રોડ ઉપર આવેલ સ્વામિનારાયણ મંદિર-અક્ષરવાડીનાં સંત શિરોમણી પૂજ્ય સોમબાપુનાં વરદ્ હસ્તે તા. ૧૧-૧૨-૨૦૦૫ નાં મંગળ પ્રભાતે થઈ. ૨૦૦૬ ના ૧લી જાન્યુઆરીથી ડ્રગબેન્ક કાર્યરત છે. શહેર કક્ષાએ સમગ્ર ગુજરાતમાં આ પ્રથમ ડ્રગબેન્ક છે.

### ડ્રગબેન્ક નો સમય..

- રવિવાર સિવાય સાંજે ૫-૩૦ થી ૮-૩૦ દરમિયાન દવાઓનું વિનામૂલ્યે જરૂરીયાતમંદ દર્દીઓને વિતરણ કરવામાં આવે છે.

## ડ્રગબેન્ક કઈ રીતે કાર્યરત છે..

- ભાવનગરના નાગરિકો પાસેથી તેઓની વણ-વપરાયેલ દવાઓ અને તેઓ માટે બિનઉપયોગી દવાઓ એકત્ર કરી તેમજ માનવંતા ઉદાર સેવાભાવી ડૉક્ટર સાહેબો પાસેથી સેંમ્પલની દવાઓ મેળવી એક્સપાઈરી દવાઓ જુદી કાઢી દવાઓનું યોગ્ય વર્ગીકરણ કરી જરૂરીયાતમંદ દર્દીઓને રજીસ્ટર્ડ થયેલ કોઈપણ ડૉક્ટર સાહેબનાં પ્રિસ્ક્રીપ્શન ઉપર લખેલ હાજરમાં હોય તે તમામ દવાઓ 'વિનામૂલ્યે' આપવામાં આવે છે. શક્ય હોય ત્યારે દાતાઓની મદદથી જરૂરી દવાઓ ખરીદ કરીને પણ વિનામૂલ્યે આપવામાં આવે છે.
- દવાઓનું વિતરણ અનુભવી અને પૂરતી લાયકાત ધરાવનાર માનદ વેતન સ્વીકારનાર ફાર્માસીસ્ટ મારફતે થાય છે.

## ડ્રગબેન્કના લાભાર્થી..

- દરરોજ લગભગ સરેરાશ ૧૦૦ થી ૧૭૦ દર્દીઓ ડૉક્ટર સાહેબોના પ્રિસ્ક્રીપ્શનનાં આધારે સ્ટોકમાં હોય તેટલી દવાઓ મેળવે છે.
- ડ્રગબેન્કની સ્થાપના કાળથી દર માસે અંદાજિત ૩૬૦૦ પ્રિસ્ક્રીપ્શનને માન અપાતું રહ્યું છે. તે મુજબ દર મહિને અંદાજિત બાર લાખ રૂપિયા ની દવાઓ આપવામાં આવી રહી છે.

## ડ્રગબેન્ક એક મંદિર..

- ડ્રગબેન્ક એક મંદિર છે. ડ્રગબેન્ક માટે દવાઓ એકત્ર કરવા અનુદાન મેળવવા વિગેરે કાર્યો માટે લગભગ ચાલીસેક બહેનો-ભાઈઓ 'માનવ સેવા તે માધવ સેવા' નાં સૂત્રને લક્ષમાં રાખી આ પ્રભુકાર્ય કરી રહ્યા છે.
- નાગરીકો, ડોક્ટર્સ, એમ.આર., ફાર્માસ્યુટીકલ કંપનીઓ દ્વારા દાનમાં અપાયેલી દવાઓ ઉપયોગી છે કે નહીં તે ચકાસવાની કામગીરી પૂજારીઓ દ્વારા સતત ચાલતી રહે છે.
- દવા આપનારને ખબર નથી કોણ દવા લઈ જવાનું છે. દવા લેનારને ખબર નથી, કોણે દવા આપી છે. ત્યારે દવા આપનાર તથા દવા લેનાર પ્રભુનાં દુત છે, દેવદુત છે અને તેની સેવા પૂજારીઓ તરીકે કરવામાં આવી રહી છે તેમ ડ્રગબેન્કના બહેનો-ભાઈઓ માને છે. પુજારીઓ તરીકે નિસ્વાર્થ ભાવે કોઈપણ કર્મફળની આશા રાખ્યા વિના શરૂઆતથી દેવદુતોની પૂજા કરતા રહ્યા છે. સેવા કરનાર પૂજારીઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી રહી છે.

## ડ્રગબેન્કમાં પૂજારીઓ કોણ છે..

- 'માનવ સેવા તે માધવ સેવા'નાં સૂત્રને લક્ષમાં રાખી આ સેવામાં રસ ધરાવનાર આગેવાન ડૉક્ટર સાહેબો, વકીલ મિત્રો, એન્જીનીયર્સ, ઉદ્યોગપતિ, બેન્કનાં મેનેજર તેમજ વિવિધ ડીપાર્ટમેન્ટનાં કર્મચારીઓ, નિવૃત્ત અધિકારીઓ, મજુર આગેવાનો તથા બહેનો પણ કોઈપણ પ્રસિધ્ધિની આશા - ખેવના વગર પૂજારીઓ તરીકે દવા આપનાર તથા દવા લેનાર દેવદુતોની પૂજા કરે છે.
- આ પૂજારીઓ મહિનામાં એક-બે વખત જુદા-જુદા વિસ્તારમાં નાગરીકો પાસેથી દવાઓ એકત્ર કરે છે. ડૉક્ટર સાહેબોનાં દવાખાને જઈ સેમ્પલો મેળવી રહ્યા છે. દર પંદર દિવસે સાથે મળી કાર્યની રૂપરેખા નક્કી કરે છે. નોંધનીય છે કે ભાવનગર રેડક્રોસ સોસાયટી પણ દવાઓ એકત્ર કરી-કરાવી પહોંચાડે છે.

## આપની પાસે અમારી શું અપેક્ષા છે ?

- આપના મહોલ્લામાં અનુકુળ જગ્યાએ ડ્રગબોક્સ મુકશો. જેમાં મહોલ્લાના નાગરિકો પોતાની વણવપરાયેલી દવાઓ નાંખતા રહે તેવો પ્રચાર કરતા રહેશો. અને ભેગી થયેલી આ દવાઓ ડ્રગબેન્ક ઉપર પહોંચતી કરશો.
- આપના કુટુંબી કે મિત્રવર્તુળમાં દવાની કંપનીમાં કામ કરતી કોઈ વ્યક્તિ હોય તો વારંવાર તેમના તરફથી સેમ્પલ સ્વરૂપે દવાઓ ડ્રગબેન્કને મળતી રહે તેવી ગોઠવણ કરી આપશો.
- સમાજ સેવાની તરફ આજકાલના બાળકોને, યુવાનોને ઝોક વધે તે તંદુરસ્ત સમાજના નિર્માણ માટે આપણી સૌ નાગરિકોની જવાબદારી છે માટે જ્યારે પણ અનુકુળ સંજોગો ઉભા થાય ત્યારે આપના બાળકોને ડ્રગબેન્ક ઉપર બે કલાક માટે સેવા અર્થે મૂકી જવાનું રાખશો.
- કોઈપણ જરૂરિયાતમંદ નાગરિકોને દવાની જરૂર હોય તેમને નિદાન થયા બાદ ડોક્ટરે લખી આપેલ દવા વિનામૂલ્યે મેળવવા મોકલશો.
- સારા ખરાબ કૌટુંબીક પ્રસંગોએ ડ્રગબેન્ક ઉપર શુભેચ્છા મુલાકાત લઈ યથાશક્તિ ફાળો આપશો.
- ડ્રગબેન્કને દૈનિક ધોરણે અંદાજિત રૂા. ૧૦,૦૦૦ ની નવી દવાઓ ખરીદીને દાન આપી શકે તેવા દાતાઓની ખુબજ જરૂર છે.

## ડ્રગબેન્ક શું કરવા વિચારે છે..

- ડાયાબીટીસ, બી.પી., થાઈરોઈડ જેવા કાયમી દર્દોથી પીડીત ગરીબ દર્દીઓને દર માસે મફતમાં દવાની કીટ આપવી.
- ભવિષ્યમાં વિવિધ પ્રકારનાં રોગો માટે નિદાન કેમ્પ કરી જરૂરી દવા વિનામૂલ્યે આપવી. જુદી-જુદી સંસ્થાઓએ આયોજીત કરેલ મેડીકલ કેમ્પોમાં પણ શક્ય તેટલી દવાઓ આપવામાં મદદરૂપ થવું.
- વ્યસનમુક્તિ, રોગમુક્તિ અને યોગઅભ્યાસ માટે અભિયાન શરૂ કરવું.
- જીવલેણ રોગો જેવા કે ડાયાબીટીસ, હૃદયરોગ, એઈડ્સ વિગેરે અટકાવવા અંગે જાગૃતતા કેળવવા પ્રવચનો યોજવા. આ બાબતનાં પ્રવચનો કરવામાં આવ્યા છે તેમજ આ બાબતની પત્રિકાઓ છપાવી વહેંચવામાં આવી છે.
- જરૂરી કોઈપણ પ્રકારનો રોગ મટાડનાર કે અટકાવનાર થેરાપીનો પ્રચાર-પ્રસાર કરવો.

## ડ્રગબેન્કને આશિર્વાદ..

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય સ્વામિનારાયણ સંપ્રદાયનાં પરમ પૂજ્ય શ્રી પ્રમુખસ્વામીબાપા તથા પૂજ્ય પ્રાતઃસ્મરણીય સંત શિરોમણી શ્રી મોરારીદાસબાપુ, પરમ પુજ્ય આનંદબાવાશ્રી તેમજ ટીંબીના શ્રી નિર્દોષાનંદજી મહારાજે આ ભગવત્ કાર્યને આશિર્વાદ આપી પ્રોત્સાહિત કર્યા છે.

## ડ્રગબેન્કની આસ્થા..

આ ડ્રગબેન્ક ઈશ્વર અલ્લાહના આશરે ભગવાન ભરોસે રામના રખવાળે ભાવનગરનાં નાગરીકો, સમાજ સેવકો, માનવંતા ડૉક્ટર સાહેબો વિગેરેના સાથ સથવારે સહયોગથી શરૂ થઈ છે, કાર્યરત છે અને કાર્યરત રહેશે તે ચોક્કસ છે.

## દાન કોને કહેવાય ?

જે આપવાથી મને ગર્વ ન થાય - અને -
લેનારની લાગણી ના દુભાય,
આપવા છતાં હું આભારની ઉઘરાણી ના કરું - જેથી -
લેનારને ઓશિયાળાપણું પણ ન લાગે.

- અજ્ઞાત

## ભલું કરો

જેટલું ભલું કરી શકો, તેટલું કરો
જેટલા માર્ગે કરી શકો, તેટલા માર્ગે કરો
જેટલી રીતે કરી શકો, તેટલી રીતે કરો
જેટલા સ્થળે કરી શકો, તેટલા સ્થળે કરો
જેટલો સમય આપી શકો, તેટલો સમય આપો
જેટલાનું થઈ શકે, તેટલાનું કરો
જ્યાં સુધી કરી શકો, ત્યાં સુધી કરો

## મેડીસીન હાઉસ - ડ્રગબેન્ક





ઉદાર હાથે દવા અને દાન આપો
તેવી નમ્ર અપીલ
(આવકવેરાની કલમ: ૮૦-જી નીચે આપનું દાન કરમુક્ત રહેશે.)

## મેડીસીન હાઉસ-ડ્રગબેન્કને મળેલ શુભેચ્છાઓની એક ઝલક



આવો; ગરીબોને મફત દવા આપવાનાં આ મહાયજ્ઞમાં આપ પણ જોડાઈ જાઓ
(સમય: રવિવાર અને જાહેર રજાઓ સિવાય દરરોજ સાંજે ૫-૩૦ થી ૮-૩૦)